# હિંમતનગરમાં એસ.ટી. ડેપોમાં મોબાઈલ ચોરતી ટોળકીનો તરખાટ

## એક જ દિવસમાં બસમાં ચઢવા જતાં બે યુવકોના ફોન ચોરાયા

બાયડ, તા.૧૩

હિંમતનગર એસ.ટી. ડેપોમાં મોબાઈલ ચોર ટોળકીએ કાયમી ધામા નાખી દીધા છે. બસ મથકમાં એસ.ટી. બસમાં ચઢવા જતા સ્થાનિક બે યુવકોના પેન્ટના ખિસ્સામાંથી તસ્કર રુ ૮૧ હજારની કિંમતના બે મોબાઈલ ફોન ચોરી ફરાર થઈ જતાં હિંમતનગર બી-ડીવીઝન પોલીસે ગુનો નોંધ્યો છે. એસ.ટી. ડેપોમાં વારંવાર મુસાફરોના મોબાઈલ ફોનની તસ્કરીના બનાવો છતાં પોલીસ નિષ્ક્રિય જણાય છે. બસ મથકમાં મુસાફરોના કિંમતી સામાનની ચોરીના બનાવો સાથે હવે મોબાઈલ ફોન ચોરતી ચોક્કસ ટોળકી સક્રીય થઈ છે. અગાઉ ૧૫ થી પણ વધુ મુસાફરોના મોબાઈલ ચોરાયા પછી પોલીસ ફોન કે તસ્કરોને શોધવામાં નિષ્ફળ નિવડી છે ત્યાં હવે મોબાઈલ ચોરનો તરખાટ વધ્યો છે. હિંમતનગરની સમર્પણ સોસાયટીમાં રહેતો દેવાંગ દવે તા.૯ના રોજ હિંમતનગર એસ.ટી. ડેપોમાં આવી કામ અર્થે ઈડર જવાનું હોવાથી બસમાં ચઢવા માટે જતો હતો તે સમયે કોઈ તસ્કરે પેન્ટના ખિસ્સામાંથી રુ ૩૦ હજારની કિંમતનો મોબાઈલ તફડાવી લીધો હતો. બીજા બનાવમાં હિંમતનગરની ચિત્રકૂટ સોસાયટીમાં રહેતો ધ્રૂવ પ્રજાપતિ પણ એસ.ટી. ડેપોમાં આવી બસમાં ચઢવાનો પ્રયાસ કરતો હતો તે સમયે તસ્કરે એક જ તરકીબ અપનાવી પેન્ટના ખિસ્સામાંથી એપલ કંપનીનો રુ ૫૧ હજારની કિંમતનો ફોન ચોરી ફરાર થઈ ગયો હતો. બસ મથકમાં એક જ દિવસે મોબાઈલ ચોર ટોળકીએ બે યુવાનોના ખિસ્સામાંથી મોબાઈલ તફડાવી લેતાં હિંમતનગર બી-ડીવીઝન પોલીસે ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. એસ.ટી. ડેપોમાં સલામતી માટે મૂકવામાં આવતા પોલીસ કર્મીઓ ડેપોમાં ક્યાંય ડોકાતા નથી જેના કારણે મોબાઈલ ચોરતી ટોળકીને છૂટો દોર મળી ગયો છે.

# ખેરોજ પોલીસ સ્ટેશનનો રણકતો ટેલિફોન કાયમી ધોરણે બંધ હાલતમાં

## પોલીસનો સંપર્ક કરવો આમપ્રજા માટે મુશ્કેલ બન્યું

બાયડ, તા.૧૩

મારા મારી, હત્યા અને લૂંટ સહિતના ગંભીર ગુનાઓથી ખદબદતા વિસ્તારમાં ખેરોજ પોલીસ સ્ટેશનનો લેન્ડલાઈન ટેલિફોન કાયમી ધોરણે બંધ હાલતમાં રહેતાં આમપ્રજા માટે પોલીસનો સંપર્ક કરવો મુશ્કેલ બન્યો છે. છેલ્લા ૬ મહિનાથી પણ વધુ સમયથી પોલીસ સ્ટેશનનો ફોન મૂંગો બની ગયો છે. ટેલિફોન તંત્ર ખાખી વર્દીને ગાંઠતું ન હોય તે રીતે બંધ ટેલિફોન શરુ કરવા માટે કોઈ કાર્યવાહી થતી જ નથી. એક તો અંતરીયાળ વિસ્તારમાં મોબાઈલ ફ્રીકવન્સી મળતી નથી. વાયરલેસથી પણ સંપર્ક કરવામાં ક્યારેક મુશ્કેલી પડતી હોય છે તેવા સમયે લેન્ડલાઈન ટેલિફોન મહત્વનો સાબિત થતો હોય છે પરંતુ ખેરોજ પોલીસ સ્ટેશનના ટેલિફોનને રોગ લાગુ પડી જતાં મૌન અવસ્થામાં સરી પડવો છે.

જિલ્લાના આદિવાસી વિસ્તારમાં ગુનાખોરીનો ગ્રાફ સતત ઉંચકાઈ રહ્યો છે. ડુંગરાળ વિસ્તારોમાં શંકાસ્પદ મોત અને હત્યાના બનાવો બાદ આજે પણ હિંસક ટોળાં દ્વારા ચડોતરુ કરવામાં આવે ત્યારે પોલીસના શ્વાસ અદ્ધર થઈ જતા હોય છે. મોબાઈલ નેટવર્ક નબળું હોવાના કારણે લેન્ડલાઈન ટેલિફોન અગ્રીના સમયે પોલીસની મદદ માટે ખુબ ઉપયોગી નિવડતા હોય છે પરંતુ ખેરોજ પોલીસ સ્ટેશનનો ટેલિફોન ઘણા લાંબા સમયથી બંધ અવસ્થામાં સરી પડયો છે. આમપ્રજા પોલીસ સ્ટેશનના લેન્ડલાઈન નંબર-૦૨૭૭૫-૨૮૪૩૩૯ ઉપર સંપર્ક કરવા માટે મથે છે પરંતુ ફોન જોડાતો ન હોવાથી રુબરુ પોલીસ સ્ટેશને દોડવાની ફરજ પડતી હોય છે. છેલ્લા કેટલાય સમયથી પંથકમાં જીવલેણ હુમલા તેમજ હત્યાના બનાવોએ પોલીસને દોડતી રાખી કાયદો વ્યવસ્થા સામે ગંભીર સવાલો ઉભા કરેલા છે તેવા સમયે પોલીસ સ્ટેશનનો ટેલિફોન બંધ રહેતાં પોલીસની મદદ ઈચ્છતા લોકોને ખરા સમયે મુશ્કેલીમાં મૂકાવવું પડતું હોય છે. ટેલિફોન તંત્ર દ્વારા પણ પોલીસ સ્ટેશનનો ફોન કાયમી ધોરણે ચાલુ રહે તેવા પ્રયાસો કરવામાં આવતા જ નથી જેના કારણે ૬ મહિનાથી પણ વધુ સમયથી પોલીસ સ્ટેશનનો ફોન રણકતો ન હોવાનું જાણવા મળ્યું છે. હત્યાના બનાવો સમયે કાયમી ધોરણે વેરવસુલવા અને અદાવતના કારણોસર જીવલેગ્ર હુમલાનો ભય પ્રજાને સતત સતાવતો હોય છે અને પોલીસની મદદથી પ્રજા સલામતી અનુભવતી હોય છે પરંતુ જ્યાં ફોન બંધ હોવાથી સંપર્ક જ થઈ શકતો ન હોવાથી પ્રજા પણ અવઢવની સ્થિતિ મૂકાતી હોય છે.

# જિલ્લાના ખેડૂતોને સૂર્યમુખીની ખેતીનું આકર્ષણ લાગ્યું

## કચ્છી ખેડૂતો ખેતીપાકમાં બદલાવ લાવવામાં ઉત્સાહિત

બાયડ, તા.૧૩

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના ખેડૂતોને હવે તેલીબીયાંમાં સૂર્યમુખીની ખેતીનું

### ૨૦ વર્ષ પછી સૂર્યમુખીની ખેતી કરી – ખેડૂત

મોહનપુર કંપાના ખેડૂત અતુલ પટેલએ જણાવ્યું હતું કે સૂર્યમુખીની ખેતી આમતો ઓછા પાણીએ થતી હોય છે. ખેડૂતોની કુનેહ મુજબ પાક ઉત્પાદનનો લાભ લઈ શકાય છે. ૨૦ વર્ષ અગાઉ મારા પિતા સૂર્યમુખીની ખેતી કરી હતી અને હવે ફરીથી મે સૂર્યમુખીની ખેતીમાં નસીબ અજમાવ્યું છે.

### સૂર્યમુખીની ખેતીના ફાયદા

સૂર્યમુખીનો પાક વર્ષ દરમ્યાન ગમે ત્યારે વાવી શકાય છે.

સૂર્યમુખીનો પાક ટુંકાગાળાનો હોવાથી આંતરપાક લઈ શકાય.

સૂર્યમુખીનો પાક ઓછા પાણીએ પણ નિષ્ફળ જતો નથી.



આકર્ષણ લાગ્યું છે. ખાસ કરીને કચ્છી ખેડૂતો ખેતીપાકમાં બદલાવ લાવવામાં ઉત્સાહિત રહ્યા છે જેના કારણે અનેક કંપા વિસ્તારના ખેતરોમાં સૂર્યમુખીની ખેતી આકર્ષણનું કેન્દ્ર બની છે. સૂર્યમુખીની ખેતીમાં વીઘા દીઠ ૧૮ થી ૨૦ મણનો ઉતારો તેમજ મણદીઠ રુ.૩૪૦૦નો ભાવ મળતો હોવાથી ખેતરોમાં સૂર્યમુખીની પીળી ખેતી લહેરાતી જોવા મળે છે.

છેલ્લા કેટલાંક સમયથી પ્રગતીશીલ ખેડૂતો પરંપરાગત ખેતીપાકમાં બદલાવ લાવી ખેતીક્ષેત્રે આગવી નામના મેળવવામાં સફળ રહ્યા છે. જિલ્લામાં ડ્રેગન ફૂડની ખેતીની પહેલમાં કચ્છી કંપાઓનું નામ મોખરે રહ્યા પછી હવે સૂર્યમુખીની ખેતીમાં પણ કચ્છી ખેડૂતોએ નસીબ અજમાવ્યું છે. સૂર્યમુખીનો પાક દરેક પ્રકારની જમીનમાં લઈ શકાતો હોય છે જેમાં સામાન્ય ફળદ્રુપતા ધરાવતી જમીન જેવી કે ગોરાડુ, રેતાળ, મધ્યમ કાળી જમીન સૂર્યમુખીના પાકને વધુ અનુકુળ આવે છે અને સિંચાઈના પાણીની પણ ઓછી જરુરીયાત રહેતી હોય છે જ્યારે સૂર્યમુખી ટુંકાગાળામાં તૈયાર થતો પાક હોવાના કારણે ત્રણેય ઋતુમાં તેનું વાવેતર થઈ શકતું હોવાથી જિલ્લાના અનેક વિસ્તારોમાં પ્રયોગશીલ ખેડૂતોએ હાલ સૂર્યમુખીની ખેતીમાં નસીબ અજમાવી જોયું છે. સૂર્યમુખીના તેલને ઉત્તમ ખાદ્યતેલ માનવામાં આવે છે અને હ્રદયરોગની બિમારીવાળા લોકો માટે તે ફાયદાકારક માનવામાં આવે છે જેથી સૂર્યમુખીના તેલની વધુ માંગના કારણે ખેતીનો વ્યાપ વધી રહ્યો છે. જિલ્લામાં કેટલીક કંપનીઓ દ્વારા ખેડુતોને પ્રોત્સાહિત કરી સૂર્યમુખીના દાણાનો મણ દીઠ ભાવ રુ.૩૪૦૦ સુધીનો ભાવ ચૂકવવામાં આવતો હોય છે. જેના કારણે ખેડૂતો હવે ઓછા પિયતમાં તૈયાર થતી સૂર્યમુખીની ખેતી તરફ વળ્યા છે.

# રાજ્યસભાના સાંસદ જુગલ સિંહે રૂપિયા ૨.૮ કરોડની ગ્રાન્ટથી ૨૫ એમ્બ્યુલન્સ ફાળવી

પાલનપુર તા.૧૩

રાજ્ય સભાના સાંસદ જુગલ સિંહે રૂપિયા ૨.૮ કરોડની ગ્રાન્ટથી ૨૫ એમ્બ્યુલન્સ ફાળવી જે અંતર્ગત વડગામ તાલુકા ભાજપના ઉપાધ્યક્ષ સામાજિક કાર્યકર બાલકૃષ્ણ જીરાલાએ પ્રતિક્રિયા વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે રાજ્ય સભાના સભ્ય જુગલ સિંહ ઠાકોરે અગાઉના વર્ષની રૂપિયા ૮૦ લાખ ૯ એમ્બ્યુલન્સ માટે ગ્રાન્ટ ફાળવી છે. જ્યારે વર્ષ ૨૦૨૨-૨૩ માં રૂપિયા ૧.૨૮ કરોડની ગ્રાન્ટ ૧૬ એમ્બ્યુલન્સ માટે ફાળવી છે. જેના કારણે ઉત્તર ગુજરાતના એમ્બ્યુલન્સની સારી સુવિધા મળશે તથા આરોગ્ય વિભાગને આરોગ્ય સેવાઓની ગુણવત્તા સુધારવા માટેની તક મળશે.

## ના હોય... શિક્ષકો પાસેથી ઉઘરાણા...!!

# મેઘરજ તાલુકા શિક્ષણ શાખામાં ઉચ્ચતર પગાર ધોરણ માટે વહીવટદારો પૈસા પડાવતો હોવાની બૂમ

મોડાસા, તા. ૧૩

મેઘરજ તાલુકા શિક્ષણ શાખામાં ૯/૨૦/૩૧ ઉચ્ચતર પગાર ધોરણમાં કચેરીમાં કામ કરતા વ્યક્તિઓ દ્વારા ઉઘરાણા કરી ફાઈલો પાસ કરાવતા હોવાના આક્ષેપો થતા અને જીલ્લા વિકાસ અધિકારીને પત્ર લખવામાં આવ્યો હોવાનો પત્ર સોશ્યલ મીડિયામાં વાયરલ થતા ભારે ખળભળાટ મચ્યો છે.

મેઘરજ તાલુકાની શિક્ષણ શાખા વર્ષ ૨૦૦૪, ૨૦૦૭,૨૦૦૮ અને ૨૦૧૦ ની ભરતી વાળાને ૯/૨૦/૩૧ નું ઉચ્ચતર પગાર ધોરણ ત્રણ વર્ષથી વધુ સમય થવા છતાં તાલુકા પંચાયત કચેરી મંજૂર કરતી નથી.અને વર્ષ ૨૦૧૧ અને ૨૦૧૩ ની ભરતીવાળાઓ જે પૈસા આપે તેને મંજુર કરી દીધી છે.શિક્ષણ નિયામકશ્રીના પરિપત્ર મુજબ ઉચ્ચતર પગાર ધોરણ સિન્યોરિટીના ક્રમ મુજબ આપવાનું હોય છે.પણ મેઘરજ તાલુકાની શિક્ષણ શાખામાં આ પરિપત્રને નેવે મૂકીને પોતાની મરજી મુજબ ઉચ્ચતર પગાર ધોરણ મંજૂર કરવામાં આવે છે.જે સંદર્ભે કોઈ શિક્ષક શિક્ષણ શાખામાં જાય ત્યારે પ્રાપ્ત માહિતી અનુસાર ત્યાં બેસતા એક બેન જેઓ સરકારી નિમણૂક ઓર્ડર વગર શિક્ષણ શાખામાં બેસે છે અને એમના જોડે કોઈ હોદ્દો ન હોવા છતાં અન્ય એક વ્યક્તિના ચાર હાથ હોવાથી શિક્ષકો જોડે બેફામ ઉદ્ધતાઈ ભર્યું વર્તન કરે છે શિક્ષકની ગરિમા પણ સાચવતા નથી તથા ત્યાં બેસતા વ્યક્તિ જાણે પોતાની શાખામાં અડ્ડો જમાવી બેઠા હોય તેમ તાલુકાનું તમામ વહીવટી કામ ટી.પી.ઈ.ઓ.ને વિશ્વાસમાં લઈ ઉચ્ચતરના કેસોનો વહીવટ કરે છે.મળતી





માહિતી મુજબ કોઈપણ સરકારી ઓર્ડર વગર શિક્ષણ શાખામાં અડ્ડો જમાવી ને બેસે છે અને કોઈ શિક્ષક પોતાના પ્રશ્નો લઈને પૂછવા જાય ત્યારે ઉદ્ધત ગેરવર્તન કરે છે અને તાલુકા કચેરી જાણે પોતાની જાગીરી હોય તેમ શિક્ષકો ને ધુત્કારે છે. વધુમાં જે શિક્ષકો કોઈપણ જાતના નાણાકીય વહીવટ કરવાની ના પાડે તેમને ધ્યાનમાં રાખી તેવા શિક્ષકોની ફાઈલ જિલ્લામાં મોકલતા નથી કાંતો તેમની ફાઈલોમાં ક્ષતિ યુક્ત કરી (જેવી કે સાતમા પગાર પંચનું સ્ટીકર ઓનલાઈન ના કાઢવું) જિલ્લામાં મોકલે છે. જેથી એલ.એફ. કચેરીમાં જઈ પાછી આવે છે.વધુમાં સરકારશ્રી ના ધારધોરણ મુજબ તાલુકા શિક્ષણ શાખામાં વહીવટ માટે ચાર બીટના બીટ- કે. ની. શ્રીઓ ને ચાર્જ આપેલ છે તેમજ ઉ.પ.ધો.મંજૂર કરવા કે કોઈપણ પ્રકારના વહીવટી કામમાં તેમનો ઉપયોગ લેવામાં આવતો નથી અને તેમના બદલે બિન અધિકૃત વ્યક્તિઓના થકી ઉ.પ.ધો.ની કામગીરી કરી ભ્રષ્ટાચાર આચરવામાં આવે છે.

શિક્ષકોના સી આર રિપોર્ટ ભરવા માટે સી આર રજીસ્ટરના આધારે સી આર ભરવાને બદલે શિક્ષકોને જુના ટીપીઈઓ જોડે જે કાં તો નિવૃત્ત છે કાં તો બદલી થયેલ છે તેમના જોડે મોકલી અને ધક્કા ખવડાવવામાં આવે છે.જેઓ જઈ શકતા નથી તેમનો નાણાકીય વહીવટ કરી ભ્રષ્ટાચાર કરવામાં આવે છે.તેવા હાલતો આક્ષેપો થઈ રહ્યા છે.

કોઈપણ શિક્ષકનું તાલુકાની સિન્યોરીટી મુજબ ઉ.પ.ધો મંજૂર થતું નથી અને જો થાય તો તેને કોઈપણ પ્રકારના દસ્તાવેજ જેવા કે ફ્રહહીટીિ ૪, ઉ.પ.ધો. મંજૂરનું પગાર બાંધણી પત્રક આપવાને બદલે સીધો જ મંજૂરી આદેશ એકલો તાલુકામાંથી સીધા શિક્ષકને રૂબરૂ બોલાવીને આપવામાં આવે છે અને આવા દસ્તાવેજો ન આપવાના કારણે ઉ.પ.ધો ની પુરવણી બિલ ચૂકવવા મોટો ભ્રષ્ટાચાર આચરવામાં આવે છે. તથા તાલુકા કક્ષાએ થી ઉં. પ. ધો. મંજૂર થવા જવા માટે જતી ફાઈલો ની વિગત ક્યારેય તાલુકા કક્ષાએ જાહેર કરવામાં આવતી નથી. જે થી શિક્ષકો ને તેનાથી અજાણ રાખવામાં આવે છે.

સરકાર દ્વારા એસ .એ .એસ .પોર્ટલ બનાવવામાં આવ્યું છે જેમાં પગાર સંદર્ભે બધી જ કામગીરી નિયામકના આદેશ અનુસાર કરવાનું હોય છે પરંતુ એસ એ એસ પોર્ટલ ને બાજુમાં મૂકી પોતાના મનસ્વી રીતે નાણાકીય વહીવટ કરી કામગીરી કરવામાં આવે છે.જેમાં શિક્ષકો પગારપુરવણી પર એસ એ એસ પોર્ટલ પર ૨૦૦-૨૦૦ દિવસ થવા છતાં મંજૂર કરતા નથી અને જેમણે વહીવટ કરેલ છે તેમને ડાયરેક્ટ એસ એ એસ પોર્ટલમાં મંજૂરી વિના ભ્રષ્ટાચાર આચરી પુરવણી બિલ મંજૂર ચૂકવી દીધેલ છે.

શિક્ષક સંઘના હોદ્દો ધરાવતા હોવા છતાં શિક્ષકોના પ્રશ્નોનું નિરાકરણ લાવવાની જગ્યાએ શિક્ષકો જોડે ઉગરાણું કરી કામ કરે છે તેવા હાલ તો આક્ષેપો કરવામાં આવી રહ્યાં છે ત્યારે આ બાબતે શિક્ષણ જગતમાં રોષ જોવા મળી રહ્યો છે અને તાલુકાની શિક્ષણ શાખા માંથી બિન અધિકૃત વ્યક્તિઓને તાત્કાલિક અસર થી દૂર કરી સરકાર શ્રી ધ્વારા નિમણૂક આપેલ બીટ કેળવણી નિરીક્ષક શ્રીઓ તેમજ પગાર કેન્દ્ર આચાર્યો પાસે ચેનલ પ્રમાણે કામગીરી કરાવવા માં આવે અને પારદર્શક વહીવટ થાય તે બાબતે ઘટતું કરવા ઉચ્ચ કક્ષાએ રજુઆત કરી હતી.તેવો લેટર હાલ સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે.

# અંબાજી શક્તિપીઠ પરિક્રમાના પ્રથમ દિવસે જિલ્લામાંથી ૭૫ બસોમાં ૩૯૬૪ દર્શનાર્થીઓ દર્શન કર્યા

તલોદ તા. ૧૩

રાજ્યના સુપ્રસિદ્ધ અંબાજી યાત્રાધામ ખાતે તારીખ ૧૨ થી૧૬ફેબ્રુઆરી ૨૦૨૩ સુધી શ્રી ૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવ ૨૦૨૩ યોજાઈ રહ્યો છે. આ મહોત્સવમાં સાંજે ૭ કલાકે ગબ્બર ટોચ પર આરતી પરિક્રમાના માર્ગમાં આવતા દરેક મંદિરોમા એક સાથે આરતી અને ખ્યાતનામ કલાકારો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. સાબરકાંઠા માંથી ૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવ ૨૦૨૩માં પ્રથમ દિવસે કુલ ૭૫ બસોમાં ૩૯૬૪યાત્રિકો અંબાજી યાત્રા માટે રવાના થઇ દર્શન કરી ધન્યતા અનુભવી હતી. જેમાં સવાર અને બપોર બન્ને સમયે વડાલી માંથી ૮, ખેડબ્રહ્મા માંથી ૮, વિજયનગર માંથી ૪, પોશીના માંથી ૩, હિંમતનગર માંથી ૨૦, ઈડર માંથી ૧૨, પ્રાંતિજ માંથી ૧૦, તલોદ માંથી ૧૦એમ જિલ્લા માંથી કુલ ૭૫બસો અંબાજી ખાતે રવાના થઇ હતી.જિલ્લામાંથી ૧૬ ફેબ્રુઆરી સુધી ૭૫ બસો યાત્રિકોને અંબાજી ખાતેની સરળ અને સગવડ ભરી યાત્રા પૂરી પાડશે. શ્રી ૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવ ૨૦૨૩ના પ્રથમ દિવસે રાજ્યભરમાંથી યાત્રિકો અંબાજી ખાતે આવીને દર્શનની ધન્યતા સાથે આધ્યાત્મિક યાત્રાનો અનુભવ કર્યો હતો.

# ભિલોડા તાલુકાની કાગડામહુડા પ્રાથમિક શાળાના ૭૮માં સ્થાપના દિવસની ઉજવણી

ભિલોડા,તા.૧૩

ભિલોડા તાલુકાની કાગડામહુડા પ્રાથમિક જૂથ શાળાના ૭૮માં સ્થાપના દિવસની ઉજવણી યોજાઈ હતી.કાગડામહુડા પ્રાથમિક શાળાના સ્થાપના દિવસની ઉજવણીના કાર્યક્રમની શરૂઆત ભિલોડા-મેઘરજના

ધારાસભ્ય પી.સી.બરંડાના વરદ્ હસ્તે દીપ પ્રાગટ્ય કરી કરવામાં આવી હતી.કાર્યક્રમમાં ધારાસભ્ય પી.સી.બરંડા નું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું.શાળાના સ્થાપના દિવસ



નિમિત્તે શાળામાં સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.કેક કાપી શાળાના સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી હતી.શાળાના સ્થાપના દિવસની ઉજવણી પ્રસંગે જિલ્લા પંચાયત સદસ્ય વનરાજભાઈ ડામોર,સરપંચ અને પૂર્વ તાલુકા પંચાયત પ્રમુખ કુંદનબેન ડામોર, નિવૃત્ત શિક્ષકો,ગામના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમનું સફળ આયોજન શાળાના સ્ટાફ પરીવાર દ્વારા કરવામાં આવ્યું હતું.

# પાલનપુર બારડપુરા વિસ્તારમાં પોલીસ ચોકીનું ઉદઘાટન કરાયું

## પોલીસ દ્વારા લોન મેળાનું પણ આયોજન કરવામાં આવ્યું

પાલનપુર તા.૧૩

પાલનપુર નગરપાલિકા દ્વારા જુના શાકમાર્કેટ વિસ્તારની પરના દબાણો દૂર કરી જગ્યા ખુલ્લી કરવામાં આવી હતી. જેમાં પાલનપુર શહેર પોલીસ સ્ટેશનના બારડપુરા વિસ્તારની ચોકી બનાવવામાં આવી છે.જેનું પાલનપુરના ધારાસભ્યના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

પાલનપુર બારડપુરા વિસ્તારમાં જૂનું શાક માર્કેટ આવેલું હતું.જે જગ્યા પર લાંબા સમયથી કોર્ટ મેટર ચાલતી હતી.ત્યારબાદ પાલિકાના તરફેણમાં ચુકાદો આવતા તે જગ્યા પર થયેલા દબાણોને પાલિકા દ્વારા તાજેતરમાં દૂર કરવામાં આવ્યા હતા અને લોકહિતના પગલે તે જગ્યા પર બારડપુરા ચોકી ઉભી કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે ,પાલનપુરના ધારાસભ્ય અનિકેત ઠાકર નગરપાલિકા ટીમ તેમજ જિલ્લા પોલીસના સહીયારા પ્રયાસથી તે જગ્યા પર બારડપુરા ચોકી બનાવવામાં આવી હતી. જેનું પાલનપુરના ધારાસભ્ય અનિકેત ઠાકરના હસ્તે જિલ્લા પોલીસ વડા અક્ષય રાજ મકવાણાની ઉપસ્થિતિમાં લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

તેમજ આ પ્રસંગે કર્ણાવત શાળાના એસપીસીના વિદ્યાર્થીઓને નોટબુક પેન અને પેન્સિલ, રબર,સંચો, ફુટપટ્ટી ની કીટ આપવામાં આવી હતી.આ પ્રસંગે પાલનપુરના નગરપાલિકા પ્રમુખ કિરણ રાવલ,ઉપપ્રમુખ હસમુખપઢીયાર, રામજી મંદિરના મહંત રાઘવદાસજી ,પાલનપુર શહેર, પશ્ચિમ અને તાલુકા પોલીસ મથકના પી.આઈ સહીત મોટી સંખ્યામાં વેપારીઓ અને આજુબાજુના લોકો ઉપસ્થિત રહ્યા હતા.

તેમજ આ પ્રસંગે પોલીસ દ્વારા લોન મેળાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં જરૂરિયાતમંદ લોકો વ્યાજખોરો પાસેથી ઊંચા વ્યાજે પૈસા લેવાના બદલે બેંકો પાસેથી લોન લઈ પોતાની જરૂરિયાતો સંતોષે તે બાબત પર ભાર મૂકવામાં આવ્યો હતો.



# ડીસામાં ગેરકાયદેસર રીતે ચાલતી દુકાનો સામે પોલીસ અને પાલિકાની તવાઈ

## માંસ મટનની ૨૧ દુકાનો સામે કાર્યવાહી કરી

ડીસા, તા. ૧૩

ડીસાના જાગૃત નાગરિક દ્વારા હાઈકોર્ટમાં ફરિયાદ કરાતાં સમગ્ર ગુજરાતમાં ગેરકાયદેસર માંસ મટનની દુકાનો સામે તંત્ર તવાઈ બોલાવી રહ્યુ છે. જે અંતર્ગત આજે ડીસામાં પણ લાઈસન્સ વગર ચાલતી ૨૧ દુકાનો સામે નગરપાલિકા અને પોલીસની ટીમે સ્થળ પર જઈ કાર્યવાહી હાથ ધરી હતી.

સમગ્ર ગુજરાતમાં માંસ અને મટનની ગેરકાયદેસર દુકાનો ધમધમી રહી છે. જેમાં અગાઉ અનેકવાર રજૂઆત કરી હોવા છતાં પણ કોઈ જ કાર્યવાહી થઈ ન હતી. જે બાદ આ મામલે ડીસાના જાગૃત નાગરિક ધર્મેન્દ્ર ફોફાણી છેલ્લા બે વર્ષથી લડત ચલાવી રહ્યા હતા અને આખરે હાઈકોર્ટમાં આ મામલે ફરિયાદ કરતા તંત્ર સફાળું જાગ્યું છે. હાઈકોર્ટે ટકોર કર્યા બાદ સમગ્ર ગુજરાતમાં ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા આવી ગેરકાયદેસર માંસ મટનની દુકાનોની યાદી તૈયાર કરવામાં આવી હતી.

ડીસામાં પણ ૨૧ જેટલી ગેરકાયદેસર અને લાયસન્સ વગર દુકાનો ચાલી રહી હોવાનું જાણવા મળતાં આજે નગરપાલિકા અને પોલીસની ટીમ સ્થળ પર પહોંચી કાર્યવાહી હાથ ધરી હતી. ડીસાના ગવાડી વિસ્તારમાં ચાલતી આવી ગેરકાયદેસર માસ મટનની દુકાનોની નગરપાલિકા અને પોલીસની ટીમે રૂબરૂ જઈ તપાસ કરી કાર્યવાહી હાથ ધરી હતી.

# શ્રી ૫૧ શક્તિપીઠ પરિક્રમા સમયે અંબાજીમાં ગબ્બર રોપ-વે પરના પગથીયાં મૂકી શકે છેયાત્રીકોના જીવ જોખમમાં

પાલનપુર તા.૧૩

લોખંડના પગથિયાં અને એંગલ કાટ ખાઈ જવાથી તૂટેલી હાલતમાં હોવાથી યાત્રિકો માટે જોખમ સાબિત થઈ શકે છે . ગત.તા.૧૨ થી ૧૬ ફેબ્રુઆરી દરમિયાન શક્તિપીઠ અંબાજીમાં ગબ્બર પર આવેલા ૫૧ શક્તિપીઠની પરિક્રમા શરૂ થવાની છે. ત્યારે ગબ્બર પર્વત પર જવા માટે રોપ-વે પર આવેલા પગથીયાં જોખમકારક સાબિત થઈ શકે છે. લોખંડના આ



પગથિયાં અને એંગલોને કાટ લાગી ગયો હોવાથી આ તૂટેલી હાલતમાં છે અને ગમે ત્યારે કોઈપણ મુશ્કેલી સમજી શકે છે. પરંતુ તંત્ર દ્વારા કોઈ નક્કર પગલા ન ભરાતા આ પગથિયાં જોખમકારક સાબિત થઈ શકે છે. નવેમ્બર માસમાં અંબાજી મંદિર વહીવટી દેવથાન ટ્રસ્ટ દ્વારા આ જોખમી પગથિયાનો સર્વે કરાયો હતો .અને આ લોખંડના જોખમી પગથિયાં અને એંગલો રીપેરીંગ કરવા અથવા તો બદલી દેવા માટેના આદેશ કરાયા હતા. પરંતુ આજે ત્રણ માસ બાદ પણ આ પગથિયા જોખમી અવસ્થામાં છે. જેને લીધે ગમે તે ઘડીએ જોખમ સાબિત થાય તેવું છે.